# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-06-2026** **EVENING: 7.10 TO 7.20 PM**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

****************************************************

1) સેવા ક્ષેત્ર માટે રાજ્યમાં દેશનું સૌપ્રથમ સર્વિસ કમિશનરેટ સ્થપાશે. રાજ્ય મંત્રીમંડળનો નિર્ણય.

2) રાજ્યની 17 મહાનગરપાલિકા અને 151 નગરપાલિકાને વાયરમુક્ત કરાશે – ગુજરાત વાયર ફ્રી સિટી મિશનને સરકારની મંજૂરી.

3) રાજ્યમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશના 362 નાગરિક પકડાયા – ઑપરેશન ડેલ્ટા હન્ટ હેઠળ પોલીસની કાર્યવાહી.

4) શૈક્ષણિક સંસ્થાઓમાં ખાલી બેઠકો માટે પ્રોફેશનલ કોર્સમાં દ્વીવાર્ષિક પ્રવેશને મંજૂરી - શિક્ષણ વિભાગનો નિર્ણય.

5) રાજ્યમાં આગામી સાત દિવસ વરસાદી માહોલ રહેવાની શક્યતા.

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CABINET DECISIONS

રાજ્યની 17 મહાનગરપાલિકા અને 151 નગરપાલિકાને વાયર-મુક્ત કરાશે. આ માટે રાજ્ય સરકારે ગુજરાત વાયર ફ્રી સિટી મિશનને મંજૂરી આપી છે. ગાંધીનગરમાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, આ મિશન અંતર્ગત વર્ષ 2030 સુધીમાં શહેરી વિસ્તારોમાં વીજલાઈનો સંપૂર્ણપણે અંડરગ્રાઉન્ડ એટલે કે, ભૂગર્ભમાંથી લઈ જવાશે.

(BYTE: JITU VAGHANI, PRAVAKTA MANTRI) WIRE FREE

સાથે જ બેઠકમાં રાજ્યમાં સેવા ક્ષેત્ર માટે અલાયદા દેશના સૌપ્રથમ સર્વિસ કમિશનરેટની સ્થાપના કરવાનો પણ નિર્ણય કરાયો. તેનાથી ગુજરાત સેવા ક્ષેત્રમાં દેશનું કેન્દ્ર બનશે તેમ શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું.

(BYTE: JITU VAGHANI, PRAVAKTA MANTRI)

COMMISSIONERATE

# PETROL DEISEL SUPPLY

રાજ્યભરમાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. રાજ્ય સ્તરના સંયોજકે લોકોને પેનિક બાયિંગ એટલે કે, ગભરાટમાં આવીને ખરીદી ન કરવા અપીલ કરી છે. સાથે જ તેમણે ઇંધણની ઉપલબ્ધતા અંગે સચોટ અને ચકાસાયેલી માહિતી માટે માત્ર ઑઈલ માર્કેટિંગ કંપનીઓના સત્તાવાર સંદેશાવ્યવહાર પર જ વિશ્વાસ રાખવા સલાહ આપી છે.

રાજ્યમાં જાહેર ક્ષેત્રની ઑઈલ માર્કેટિંગ કંપનીઓ – IOCL, BPCL અને HPCLની તમામ પૂરવઠા શ્રૃંખલાઓ દ્વારા સમગ્ર રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને પ્રવાહી પેટ્રોલિયમ ગેસ – LPG સહિતની આવશ્યક પેટ્રોલિયમ વસ્તુઓની ઉપલબ્ધતા સામાન્ય અને અવિરત્ રહી છે. અગાઉના મહિનામાં માગમાં થયેલા વધારા છતાં પણ એકંદર પૂરવઠાની સ્થિતિ સ્થિર અને પર્યાપ્ત રહી છે.

# OPERATION DELTA HUNT

રાજ્યભરમાં ઑપરેશન ડેલ્ટા હન્ટ હેઠળ પોલીસે ગેરકાયદે રહેતા બાંગ્લાદેશના 362 જેટલા નાગરિકોને પકડ્યા. ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, 780 જેટલા શંકાસ્પદ બાંગ્લાદેશના નાગરિકોની તપાસ કરવામાં આવી રહી છે. આ ઑપરેશન શરૂ થતાં જ શહેરોના બસમથક, રાજમાર્ગ અને રેલવેમથક પર નાકાબંધી કરવામાં આવી હતી. દરમિયાન ભાગવાનો પ્રયાસ કરનારા 18 લોકોને પણ પકડવામાં આવ્યા છે.

(BYTE: HARSH SAGHAVI, DEPUTY CHIEF MINISTER)

# BIANNUAL ADMISSION

રાજ્યના શિક્ષણ વિભાગે શૈક્ષણિક સંસ્થાઓમાં ખાલી બેઠકો માટે પ્રવેશ નિયમોમાં સુધારો કર્યો છે. તે અંતર્ગત પ્રોફેશનલ કોર્સમાં દ્વિવાર્ષિક પ્રવેશને મંજૂરી અપાઈ છે. જૂન-જુલાઈ સત્રની નિયમિત પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી બેઠકો પર દ્વિવાર્ષિક પ્રવેશ અપાશે.

સરકારી અને અનુદાનિત સંસ્થાઓમાં M.E અને M.Tech અભ્યાસક્રમોમાં 30 ટકા સુધી ખાલી બેઠકો હોય તો દ્વિવાર્ષિક પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. જ્યારે સ્વનિર્ભર સંસ્થાઓને અને અનુસ્નાતક ડિગ્રી અભ્યાસક્રમમાં 50 ટકા સુધી ખાલી બેઠકો હોય અને સંબંધિત યુનિવર્સિટીની મંજૂરી હોય તો પણ દ્વિવાર્ષિક પ્રવેશ અપાશે. જોકે, પ્રવેશ આપ્યા બાદ સંસ્થાઓએ નિર્ધારિત સમયમર્યાદામાં ACPCને માહિતી આપવાની રહેશે. આ રીતથી ખાલી બેઠકોનો વધુ ઉપયોગ કરી નવા વિદ્યાર્થીઓને પ્રવેશની તક મળશે.

# CS MEETING FOR MONSOON

રાજ્યનું વહીવટી તંત્ર ચોમાસા પૂર્વે ઝીરો કેઝ્યુઆલિટી એટલે કે, એક પણ માનવજીવનનું નુકસાન ન થાય તે લક્ષ્ય સાથે સજ્જ છે. ગાંધીનગરમાં મુખ્યસચિવ એમ. કે. દાસની અધ્યક્ષતામાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ સંસ્થાઓ તથા વિભાગોની ચોમાસા પૂર્વેની ઉચ્ચસ્તરની સમીક્ષા બેઠક યોજાઈ. તેમાં શ્રી દાસે તમામ વિભાગને આપત્તિ વ્યવસ્થાપન આયોજનના અસરકારક અમલીકરણ અંગે તાકીદ કરી.

શ્રી દાસે કહ્યું, લોકોને હાલાકી ન પડે તે માટે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં બાકી રહેતા રોડ-રસ્તા અને ગટરના કામ ઝડપથી પૂર્ણ કરવાની જરૂરિયાત પર વિશેષ ભાર અપાયો. ઉપરાંત તેમણે રાજ્યમાં ભારે વાહનોની વધુ અવરજવર હોય તેવા રસ્તા અને બ્રિજનું અત્યારથી જ જરૂરી સમારકામ પૂર્ણ કરવા માર્ગ અને મકાન વિભાગને સૂચનાઓ આપી હતી.

# GNR PANSHERIYA MEETING

આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ રાજ્યની આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ, આધુનિક અને લોકકેન્દ્રીત બનાવવાના સરકારના પ્રયાસને બિરદાવ્યો. રાજ્યમાં હૃદય રોગની સારવારના વિસ્તરણ અંગે યોજાયેલી ઉચ્ચસ્તરની બેઠકમાં તેમણે કહ્યું, ગત વર્ષ-2025માં યુ.એન. મહેતા કાર્ડિયાક ઈન્સ્ટિટ્યૂટ સંસ્થા દ્વારા આઠ હજાર 504 સફળ કાર્ડિયાક સર્જરી - હૃદયના ઑપરેશન કરાયા. તેમજ સરેરાશ ત્રણ લાખ 94 હજારથી વધુ દર્દીઓની OPD ચકાસણી અને 52 હજાર 167 જેટલા ગંભીર દર્દીઓને IPD અંતર્ગત ઉત્કૃષ્ટ ઇન્ડોર સારવાર અપાઈ છે.

દરેક ગરીબ અને મધ્યમવર્ગીય દર્દીને ગુણવત્તાસભર, સુલભ અને આધુનિક સારવારની સાથે માનવીય સંવેદનાનો સ્પર્શ મળે તે માટે રાજ્ય સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ હોવાનું પણ શ્રી પાનશેરિયાએ ઉમેર્યું.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

**DESK**

# PBR LION HEALTH CHECKUP

પોરબંદરના બરડા જંગલ વિસ્તારમાં સિંહોના આરોગ્યની તપાસ કરવામાં આવી. ખૂલ્લામાં વિહાર કરી રહેલા 17માંથી એક પણ સિંહમાં બેબિસિયા વાયરસના કોઈ લક્ષણ જોવા નથી મળ્યા. તેમજ તમામ સિંહ સ્વસ્થ અને સુરક્ષિત હોવાનું વનવિભાગના નાયબ વન સંરક્ષક ચિરાગ ચદકુંડેએ જણાવ્યું.

(BYTE: CHIRAG CHADKUNDE, DEPUTY CONSERVATOR OF FORESTS)

# EVE WEATHER FORECAST

રાજ્યમાં આગામી સાત દિવસ વરસાદી માહોલ જોવા મળી શકે છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, રાજ્યમાં હાલ પશ્ચિમી વિક્ષેપના કારણે અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, દાદરા નગર હવેલી, ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં આવતીકાલે વરસાદની સંભાવના છે.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)

# WORLD BICYCLE DAY

આજે 3 જૂને સાયકલના ઉપયોગને પ્રોત્સાહન આપવા તેમજ આરોગ્ય અને પર્યાવરણ અંગે જાગૃતિ લાવવાના હેતુસર વિશ્વ સાયકલ દિવસની ઉજવણી થઈ રહી છે. ભાવનગરના પાલીતાણામાં સાયકલ યાત્રા દ્વારા લોકોને સાયકલિંગના લાભ અંગે જાગૃત કરાયા.

# CYCLE DAY CHHOTA UDEPUR

એક સાયકલ આત્મનિર્ભરતા, સંઘર્ષ અને સફળતાનું પ્રતિક કઈ રીતે બની શકે તેનું જીવંત ઉદાહરણ છોટાઉદેપુરના 16 વર્ષના દિવ્યાંગ જયેન્દ્ર તડવીએ પૂરૂં પાડ્યું. બોડેલી તાલુકાના ખોડિયા ગામના રહેવાસી આ યુવાને બાળપણમાં જ બંને હાથ ગુમાવ્યા. તેમ છતાં આજે તેઓ પગની મદદથી સાયકલ ચલાવીને લોકોને અનોખું ઉદાહરણ તેમજ તેમની હિમ્મત અને જુસ્સાથી સમાજને નવો સંદેશ આપી રહ્યા છે.

# GOVERNOR ACHARYA DEVVRAT

મધ્યપ્રદેશના માર્ગ અને મકાન વિભાગના મંત્રી રાકેશ સિંહે ગાંધીનગરમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે મુલાકાત કરી. બંને મહાનુભાવોએ બંને રાજ્યના વિકાસકાર્યો અને યોજનાઓના અમલીકરણ અંગે ચર્ચા કરી. રાજ્યપાલશ્રીએ મધ્યપ્રદેશના મંત્રીએ રાજ્યમાં પ્રાકૃતિક ખેતી અને ગ્રામ વિકાસના ક્ષેત્રે થઈ રહેલા કાર્યો અંગે રસ દાખવ્યો.

# PANCHMAHAL AGNIVEER

પંચમહાલના ધનેશ્વર ગામના ફ્રી આર્મી, BSF અને અગ્નિવીર તાલીમ કેન્દ્રના પાંચથી છ યુવાનોની અગ્નિવીર અને સરહદ સુરક્ષા દળ - BSFમાં પસંદગી થઈ છે. આ કેન્દ્રમાં યુવાનોને નિઃશુલ્ક શારીરિક તાલીમ, લેખિત પરીક્ષાની તૈયારી અને માર્ગદર્શન અપાય છે. યુવાનોની આ સિદ્ધિ સમગ્ર વિસ્તાર માટે ગૌરવની બાબત બની અને અન્ય યુવાનોને પણ દેશસેવા માટે પ્રેરણા આપી રહી છે.